# રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત : નવા ૧૨૫૫૩ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૫ વ્યક્તિના મોત : ચોવીસ કલાકમાં અમદાવાદમાં સૌથી વધુ ૪૮૨૧ કેસ નોંધાયા, સુરતમાં સૌથી વધુ ૨૫ લોકોએ જીવ ગુમાવ્યા

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજ્યમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે અને તેની સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં કોઈ નોંધપાત્ર વધારો થઈ રહ્યો નથી. જેના કારણે રાજ્યમાં પરિસ્થિતિ વિકટ બની રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોનાના ૧૨,૫૫૩ નવા કેસ નોંધાયા છે જ્યારે તેની સામે ૪૮૦૨ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં રીકવરી રેટ ૭૯.૬૧ ટકા છે. અત્યાર સુધી રાજ્યમાં કુલ ૩,૫૦,૮૬૫ લોકોએ કોરોનાને હરાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯થી ૧૨૫ દર્દીઓના મોત થયા છે.

રાજ્યમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૮૪,૧૨૬ પર પહોંચી છે. જેમાંથી ૩૬૧ દર્દીઓ વેન્ટિલેટર પર છે અને ૮૩,૭૬૫ દર્દીઓ સ્ટેબલ છે. ૧૨૫ લોકોના મોત સાથે ગુજરાતમાં કુલ મૃત્યુઆંક ૫૭૪૦ પર પહોંચી ગયો છે. રાજ્યમાં સુરતમાં સૌથી વધુ ૨૫ અને અમદાવાદમાં ૨૨ લોકોના મોત થયા છે. રાજ્યમાં અમદાવાદની પરિસ્થિતિ વિકટ બની રહી છે.

છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૮૨૧ નવા કેસ નોંધાયા હતા જેની સામે ૯૧૯ દર્દીઓ સાજા થયા છે. જ્યારે સુરત શહેરમાં કોરોનાના ૧૮૪૯ અને સુરત જિલ્લામાં ૪૯૧ નવા કેસ નોંધાયા છે. વડોદરા શહેરમાં ૪૭૫, રાજકોટ શહેરમાં ૩૯૭ તથા જામનગર શહેરમાં ૩૦૭ નવા કેસ નોંધાયા છે.

અત્યાર સુધી રાજ્યમાં ૯૦,૯૩,૫૩૮ લોકોએ વેક્સીનનો પ્રથમ ડોઝ લીધો છે જ્યારે ૧૬,૨૨,૯૯૮ લોકોએ બીજા ડોઝનું રસીકરણ પુરૂ કર્યુ છે. અત્યાર સુધી કુલ ૧,૦૭,૧૬,૫૩૬ વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યાર સુધી કોઈ પણ વ્યક્તિને કોરોના વેક્સીનની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી.

## કોરોના કોર્નર

- ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીના માતા-પિતા કોરોનાથી સંક્રમિત થયા છે.
- સીરમ ઈન્સ્ટીટ્યુટે પ્રાયવેટ હોસ્પિટલમાં રૂ. ૨૫૦ ની જગ્યાએ રૂ. ૬૦૦ માં મળશે વેકશીન. રાજ્યો માટેનો રેટ ૪૦૦ રહેશે.
- જાપાનના વડાપ્રધાને ભારતનો પ્રવાસ રદ કર્યો છે.
- યુ.કે. માટેની એર ઈન્ડિયાની તમામ ફલાઈટ્સ રદ કરવામાં આવી છે.
- અમદાવાદમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં રોજના ૫૫ ટન અને મંજુશ્રી હોસ્પિટલમાં ૧૦ ટન ઓક્સીજનનો વપરાશ થાય છે. નોન કોવિડ હોસ્પિટલમાં જ રોજનો ૭ થી ૮ ટન ઓક્સીજનનો વપરાશ થઈ રહ્યો છે.
- રાજકોટમાં છેલ્લા પંદર દિવસમાં ૧૪૦ થી વધુ દર્દીઓએ પ્લાઝમાનું દાન કર્યુ છે.
- કેન્દ્રના માનવ સંશાધન મંત્રી રમેશ પોખરિયા નિશંક કોરોનાથી સંક્રમિત થતાં હોમ આઈસોલેટ થયા છે.
- કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી ડી.વી. સદાનંદ ગૌડાએ ટ્વીટરના માધ્યમથી જાણકારી આપી છે કે ફાર્માસ્યુટીકલ વિભાગની ભલામણ પર તત્કાળ આવશ્યકતા પર વિચારણા કરી મહેસુલ વિભાગે રેમડેસિવિર અને તેના એપીઆઈ/ કે એસ એમ પર કસ્ટમ ડ્યુટી માફ કરી દીધી છે. કહ્યુ કે આ કદમ રેમડેસિવિર ઈન્જેક્શનની ઘરેલુ ઉપલબ્ધતામાં વધુ વધારો કરશે.
- આઈસીએમઆર એ કહ્યું છે કે કોવેક્સિન ડબલ મ્યુટન્ટ કોરોના વેરિયેન્ટને પણ સમાપ્ત કરી નાખે છે. પોતાના અભ્યાસના આધારે ઈન્સ્ટીટ્યુટે કહ્યુ છે કે બ્રાઝિલ વેરિયેન્ટ, યુ.કે. વેરિયેન્ટ અને સાઉથ આફ્રિકન વેરિયન્ટ પર પણ આ વેક્સિન અસરકારક છે.
- રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે વેક્સીનેશનનો પ્રથમ ડોઝ લીધો છે.
- કોરોનાના વધતા જતા સંક્રમણને પગલે સ્થાનિક રેટીંગ એજન્સી ઈકરાએ ચાલુ નાણાંકીય વર્ષનો જીડીપી ગ્રોથ અંદાજ ૦.૫ ટકાનો ઘટાડો કર્યો છે.

## કોરોનાની ચેઈન તોડવા મોડાસામાં સ્વૈચ્છીક લૉકડાઉનનો પ્રથમ દિવસ મિશ્ર રહ્યો

### વેપારીઓમાં અંદરો અંદર ફાટફૂટ, વેપારીઓ કોઈના હાથા બન્યા પછી હવે આજથી સ્વયંભૂ લોકડાઉનમાં સહયોગ આપશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. સંક્રમિત લોકોની સંખ્યા મોડાસા શહેરમાં ૪૦૦૦થી વધુ હોવાની આશંકા છે. આ સંજોગોમાં સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા મોડાસામાં ૭ દિવસનું સ્વૈચ્છીક લૉકડાઉન જાહેર કર્યું. બુધવારે લૉકડાઉનનો પ્રથમ દિવસ મિશ્ર પ્રતિસાદવાળો રહ્યો. વેપારીઓમાં અંદરો અંદર ફાટફૂટની લોકચર્ચા છેડાઈ. કેટલાક વેપારીઓ કોઈના હાથા બન્યા પછી અંતરાત્માના અવાજને અનુસરીને આજથી સ્વયંભૂ લૉકડાઉનમાં સહયોગ આપશે તેવી સંભાવના છે.

કોરોનાની મહામારીએ ધંધા-રોજગારને ચોપાટ કરી દીધા છે. માંડ ધંધા-રોજગાર પાટા ઉપર ચઢ્યા ત્યારે કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું. વધતી જતી મોંઘવારી અને આર્થિક તંગીમાં ધંધો એક દિવસ તો શું પણ ધંધો બે કલાક પણ બંધ રાખવો વેપારી વર્ગ માટે મુશ્કેલ છે પરંતુ કોરોનાનું સંક્રમણ વધ્યું એટલે માનવતાના નાતે સંક્રમણ અટકાવવા તંત્ર સ્થાનિક નગરપાલિકાને વેપારીઓએ સહયોગ આપવો જોઈએ. મોડાસામાં ગત રોજથી સ્વયંભૂ લૉકડાઉન મુદ્દે અમે બંધ રાખીશું, અમે બંધ નહીં રાખીએ..ની હુંસાતુંસી જોવા મળી હતી. બુધવારથી ૭ દિવસના શરૂ થયેલા સ્વયંભૂ લૉકડાઉનમાં કેટલાક વેપારીઓએ ધંધા-રોજગાર ચાલુ રાખી તંત્ર અને પાલિકાની અપીલની ઐસી તૈસી કરી પોતે કંઈક હોવાનો દેખાડો કર્યો. જો કે આમાં આવા વેપારીઓના ત્યાં કોરોનાનો કોઈ કેસ ન આવે તે માટે પ્રાર્થના પરંતુ કોઈ સંક્રમિત થયા પછી હોસ્પિટલમાં દાખલ કરવા પડે અને ઓક્સિજન તેમજ વેન્ટીલેટરની જરૂર પડે તો આવા લાલચુ વેપારી ક્યારેય બંધના એલાન સામે વિરોધમાં હરફ પણ નહીં ઉચ્ચારે.

## સ્વયંભૂ લૉકડાઉનની લોલીપોપ : મોડાસા માર્કેટયાર્ડના વેપારીઓએ બીજા દરવાજેથી વેપાર-ધંધા ચાલુ રાખ્યા

### સોયલ મીડીયામાં ફોટા વાયરલ થતાં સહકારી આગેવાનોની બોલતી બંધ..!!

કોરોનાનું સંક્રમણ બેકાબુ થયા પછી યાર્ડોમાં પણ સ્વયંભૂ લૉકડાઉનનો અમલ થઈ રહ્યો છે. ટેકાના ભાવે ઘઉંની ખરીદી ૩૦ એપ્રિલ સુધી બંધ કરાવી દેવામાં આવી છે. ત્યારે મોડાસામાં બુધવારે સ્વયંભૂ લૉકડાઉનની લોલીપોપના દ્રશ્યો સામે આવ્યા. મોડાસા માર્કેટયાર્ડના વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનનું એલાન કર્યું અને એક દરવાજો બંધ રાખ્યો પરંતુ કેટલાક બિરબલોએ શોધી કાઢ્યું કે મોડાસાના વેપારીઓએ બીજો દરવાજો ખોલી અંદરખાને વેપાર ચાલુ રાખ્યો છે. દૂધ-દહીંમાં હાથ રાખતા વેપારીઓ અને સહકારી આગેવાનોનો આયનો પ્રજા સમક્ષ આવી ગયો છે. કોરોનામાં માત્ર પૈસા કમાવવાની જ વિચારધારા રાખનારા આવા જૂજ વેપારીઓ ખેડૂતો અને પ્રજાની નજરમાંથી ઝડપથી સ્થાન ગુમાવી રહ્યા છે.




વધતા કોરોનાના સંક્રમણમાં માનવતાને ઉજાગર કરતા અનેક દ્રશ્યો સામે આવ્યા છે. કોઈ મફત ટીફીન સેવા તો કોઈ મફત ઓક્સિજનની સેવા આપી રહ્યા છે. કેટલાક શ્રીમંતો કોરોનાગ્રસ્ત ગરીબ દર્દીઓના દવા સહિતનો સારવારનો ખર્ચ ઉઠાવે છે. આ તમામ ધંધા-રોજગારવાળા છે અને પ્રજા કોરોનાગ્રસ્ત ન થઈ જાય તે માટે ધંધા-રોજગાર બંધ રાખ્યા છે. મોડાસામાં કોરોનાનું વધતું સંક્રમણ અટકાવવા માટે તંત્ર દ્વારા સ્વયંભૂ લૉકડાઉનનું એલાન કરવામાં આવ્યું. માર્કેટયાર્ડના વેપારીઓએ પણ અન્ય યાર્ડોની જેમ ધંધા-રોજગાર બંધ રાખવાની જાહેરાત કરી તંત્રને સહકાર આપવાનો દેખાડો કર્યો પરંતુ બુધવારે કેટલાય વેપારીઓએ અન્ય દરવાજેથી ધંધાના સ્થળે આવી ધંધો ચાલુ રાખ્યા હતાં આ મુદ્દો આગામી દિવસોમાં વેપારી અને સહકારી માળખામાં ટોક ઓફ ધ ટાઉન ન બને તો જ નવાઈ.

## અરવલ્લીમાં વધુ બે ગામોમાં લોકડાઉન જાહેર

અરવલ્લી જિલ્લાના વધુ બે ગામોમાં ગ્રામ પંચાયત ધ્વારા લોકડાઉન જાહેર કરાયું છે મોડાસા તાલુકાના લીંભોઈ અને દધાલિયા ગામે ગ્રામ પંચાયતે લોકડાઉન જાહેર કર્યું છે વધી રહેલા સંક્રમણ વચ્ચે લીંભોઈ ગામે ગ્રામ પંચાયતે સંક્રમણ અટકાવવા લોકડાઉનનો નિર્ણય લીધો છે ૨૧થી ૨૭ એપ્રિલ સુધી લોકડાઉન લાગુ રહેશે. સવારે ૭ થી ૧૨ સુધી દુકાનો શરુ રહેશે. બપોરે ૧૨ થી ૭ વાગ્યા સુધી ગામમાં સંપૂર્ણ લોકડાઉન રહેશે. આવશ્યક સેવાઓ સિવાય તમામ ધંધા રોજગાર બંધ રહેશે નિયમોનું પાલન નહી કરનાર સામે લીંભોઈ ગ્રામ પંચાયત ધ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

## જન્મદિને વધામણી



સારવી દિગંતકુમાર ચૌધરી
વ્રજગાર્ડન સોસાયટી, બાયડ (રમોસ)



જીયા ધવલકુમાર રોહિત
સાકરોડીયા, તા.હિંમતનગર



ડો.કૃતિકકુમાર પ્રકાશભાઈ શાહ
(સંજીવની હોસ્પિટલ, બાયડ)



પ્રબોધકુમાર એમ. પટેલ
(શ્રી શિવશક્તિ સીડ્સ-મોડાસા)



પ્રકાશકુમાર એન. પટેલ
(વેદમૂર્તિ જીનીંગ, સાઠંબા)
હઠીપુરા, તા.બાયડ



સચિનભાઈ પંડ્યા
બાયડ




### ધનસુરામાં સ્વૈછિક લોકડાઉનમાં દુકાનો સજ્જડ બંધ રહી હતી

ધનસુરામાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે ત્યારે ધનસુરા ગ્રામ પંચાયત ખાતે વિવિધ વેપારી એસોસિએશનની મિટિંગ યોજાઈ હતી જેમાં ૩૦ તારીખ સુધી સવૈછિક લોકડાઉન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે પંચાયતમાં બેઠક બાદ બાદ ૩૦ એપ્રિલ સુધી સ્વૈછિક લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી જેમાં પ્રથમ દિવસે દુકાનો સજ્જડ બંધ રહી તમામ વેપારીઓએ ૨ વાગ્યા બાદ દુકાનો બંધ રાખી સ્વૈછિક લોકડાઉન કર્યું હતું. ધનસુરા પંચાયત માં મિટિંગમાં નક્કી કરવામાં આવ્યું છે કે જે વેપારી દુકાન ખુલ્લી રાખશે તેને ૫૦૦૦ નો દંડ કરવામાં આવશે તો મેડિકલ અને દવાખાના સહિત જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની દુકાનો સિવાય તમામ દુકાનો બંધ રહેશે આ સ્વૈછિક લોકડાઉનને સારો પ્રતિસાદ મળ્યો હતો.

## નિયમિત પગારની ખાટલે ખોડ : અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકો કોરોનાના કપરા કાળમાં પગારથી વંચિત

### શિક્ષણ શાખાની ખાડે ગયેલી કામગીરી, અનેક પ્રાથમિક શિક્ષકોના હોમ-કાર લોન, વિમા પ્રિમીયમના ચેક બાઉન્સ થયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

અરવલ્લી જિલ્લામાં ફરી એકવાર પ્રા.શિક્ષકોના નિયમિત પગારથી ખાટલે ખોડ ઉભી થઈ છે. તા.૨૧ એપ્રિલ સુધી શિક્ષકોનો માર્ચ મહિનાનો પગાર ન થતાં અનેક પ્રા.શિક્ષકો આર્થિક સંકળામણ અનુભવી રહ્યા છે. તા.૧૦ થી ૧૫ વચ્ચે હોમ, કાર લોન અને વિમા પ્રિમીયમના આપેલા ચેક પણ બાઉન્સ થતાં પ્રા.શિક્ષકોની બેન્કોમાં શાખ ખરડાઈ રહી છે. જ્યારે પ્રાથમિક ટીચર્સ ધિરાણ મંડળીમાં પણ અનિયમિત પગારથી શિક્ષકો ઉપર વ્યાજનું ભારણ વધી રહ્યું છે.

અરવલ્લી જિલ્લામાં નિયુક્ત કરાયેલા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ કોઈનો મોબાઈલ સમયસર ઉપાડતા ન હોય તો કચેરીમાં કેવી કામગીરી કરતા હશે..?? તે આપો આપ સમજાઈ જાય. ખાડે ગયેલી જે તે તાલુકાઓની શિક્ષણ શાખાઓમાં કહેવાતા અધિકારીઓ માત્ર ઉચ્ચત્તર પગાર મંજૂર કરવામાં કે કોઈની હક્ક રજાઓ મંજૂર કરવામાં ખિસ્સાં ભરાય તો આવાં કામોને અગ્રતા આપી દેવામાં આવે છે. જિલ્લાના ક્લાસ-૧, ૨ સરકારી અધિકારીઓના પગાર દર મહિને ૧ થી ૫ તારીખમાં થઈ જાય છે પરંતુ માત્ર ને માત્ર પ્રાથમિક શિક્ષકોના પગાર જ તા.૧૫ પછી જ કરવાનો જાણે કે રાજ્ય સરકારે આદેશ કર્યો હોય તે રીતે અરવલ્લી જિલ્લામાં કામગીરી ચાલી રહી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલના આવ્યા બાદ અનેક કામોમાં ઝડપ આવી પરંતુ સેનાપતિ ગમે તેટલા સબળ હોય પરંતુ તેમનું સૈન્ય નબળું હોય તો સારી કામગીરીની આશા કેવી રીતે રાખી શકાય..બાયડ, ધનસુરા, મેઘરજ તાલુકામાં તો શિક્ષણ શાખાની કામગીરી સંપૂર્ણ ખાડે ગઈ છે. ટી.પી.ઓ.ને શોધવા હોય તો કલાકો સુધી મહેનત કરો પછી તેમના દર્શન થાય તેવી લોકવાયકા છે.

## લડવું ક્યાં..!! હિંમતનગર, મોડાસા, બાયડમાં તંત્ર સમક્ષ પડકારોનો પહાડ

### રમઝાન, બહારથી આવતા દર્દીઓ અને કુંભમેળાના ભક્તોએ ઉંઘ હરામ કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

કોરોનાની મહામારીની મેરેથોન ઈનિંગથી વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ થાકી ગયું છે. પરિવારમાં માત્ર એક સભ્ય કોરોનાગ્રસ્ત થયો હોય તો પણ આખો પરિવાર માત્ર ૧૪ દિવસમાં થાકીને લોથપોથ થઈ જાય છે ત્યારે એક સાથે ૨ થી ૩ પડકારો સામે લડવાનું આવે ત્યારે તંત્ર માટે ક્યાં લડવું તેવો સવાલ થાય. હિંમતનગર, મોડાસા, બાયડમાં તંત્ર સમક્ષ પડકારોનો પહાડ ઉભો થયો છે. એકબાજુ રમઝાન મહિનો, હોસ્પિટલોમાં સારવાર માટે બહારના દર્દીઓ અને કુંભમેળામાં હાજરી આપીને કોઈને ખબર ન પડે તે રીતે ઘરે આવી ગયેલા ભક્તોએ આરોગ્ય વિભાગની ઉંઘ હરામ કરી દીધી છે.

તાપમાનનો પારો ઉંચકાશે એટલે કોરોના ઉપર અંકુશ આવવાની સંભાવના હતા તે પણ હવામાં ઉડી ગઈ છે. ઉલટાનું ગરમી વધ્યા પછી કોરોના કોપાયમાન બન્યો હોય તેમ સંક્રમિત દર્દીઓમાં ઉછાળો આવ્યો છે. પ્રતિમીનીટ ઉત્તર ગુજરાતમાં ૩ થી વધુ દર્દીઓ કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે. ૩૦ એપ્રિલ સુધીમાં આંકડો વિકરાળ હોવાની સંભાવના છે. પરંતુ જિલ્લાના ખાસ કરીને હિંમતનગર, મોડાસા અને બાયડની પ્રજા, વેપારીઓ અને ડૉક્ટરોએ હવે સાવધાની રાખવાની જરૂર છે કારણ કે આ ત્રણેય સેન્ટર વેપારી અને મેડીકલ સેન્ટર તરીકે ખ્યાતિ પ્રાપ્ત છે. પાછલા ૧૦ દિવસ ઉપર નજર કરવામાં આવે તો આ ત્રણેય સેન્ટરમાં અન્ય જિલ્લાના કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર માટે લાવવામાં આવ્યા છે. જ્યારે રમઝાન મહિનો હોવાથી તંત્રની આંખો આગળ કે પછી આંખ મિચામણાં વચ્ચે પણ ક્યાંક ને ક્યાંક ભીડ વર્તાતી હોય છે. જેમાં સંક્રમિત વ્યક્તિ અન્યોને પણ ચેપ લગાડી શકે છે. જ્યારે કુંભમેળામાં શાહી સ્નાન કરીને પરત આવેલા કેટલાક શ્રદ્ધાળુઓ ચેપગ્રસ્ત હોઈ શકે છે પરંતુ કોણ હરિદ્વાર ગયું હતું તેની સંપૂર્ણ વિગતો તંત્ર પાસે નથી. અત્યારે તો કોરોનાને અંકુશમાં લેવા માટે આ ત્રણેય પાલિકા તંત્રને ૩ મોરચે લડવા જેવો ઘાટ ઉભો થયો છે.

## જિલ્લાના બી.આર.સી., યુ.આર.સી., સી.આર.સી. કો.ઓર્ડીનેટરોને શાળાની મુલાકાતમાં રાહત

### કોરોનાનું સંક્રમણ વધતાં રાહત અપાઈ, પ્રાથમિક શિક્ષક સંઘની રજૂઆતનું વજન પડ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

કોરોનાનું સંક્રમણ વધ્યું છે ત્યારે બી.આર.સી. સહિતના તજજ્ઞોને પોતાના જોબચાર્ટ અન્વયે દૈનિક ટુર ડાયરી મુજબ પોતાના ક્લસ્ટરમાં સમાવવામાં આવેલી પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓની રોજે રોજની મુલાકાત કરવાનું આયોજન કરાયું હતું પરંતુ કોરોના વકર્યો છે અને જિલ્લામાં ૭ થી વધુ શિક્ષકોને ભરખી ગયો છે. રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ ગંભીર સ્થિતિ છે ત્યારે બી.આર.સી., યુ.આર.સી. તેમજ સી.આર.સી.ને શાળાઓની મુલાકાતમાં હાલ પૂરતી રાહત આપવામાં આવે તેવી રાજ્ય પ્રા.શિક્ષક સંઘના હોદ્દેદારોએ શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરતાં રાહત આપવામાં આવી છે.

સરકારી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક અને શિક્ષકો ઉપર જ ગુજરાતની ભાજપ સરકારી વધુ પ્રમાણમાં ધોંસ રાખતી હોય તેવું પ્રા.શિક્ષકો અનુભવી રહ્યા છે અને તે માનવા માટેનાં ઘણાં કારણો પણ ઉપલબ્ધ છે. કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું ત્યારે શેરી શાળાનો નિર્ણય આત્મઘાતી હતો છતાં પ્રા.શિક્ષકોએ પોતાના જીવની પરવા કર્યા વગર શેરી શાળા કાર્યક્રમને સફળ બનાવ્યો. શિક્ષકોની અનેક મુશ્કેલીઓને તંત્રથી માંડી અન્યોએ નજર અંદાજ કરી છેવટે વિભાગ દ્વારા કોરોનાનું સંક્રમણ વધી જતાં શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો પરંતુ પરીપત્ર ઘોંચમાં પડયો અને શિક્ષકોને કોરોનાનું સંક્રમણ વધ્યું છતાં શાળામાં હાજરી આપવી પડી ત્યાર પછી વિલંબથી ૫૦ ટકા રોટેશન પ્રમાણે સ્ટાફને જવાનો પરીપત્ર કરવામાં આવ્યો છે.

## અંતે ભાજપના ધારાસભ્યના પુત્રની સામે ગુનો નોંધાયો

વડોદરા, તા.૨૧

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં ગઈરાત્રે હિટ એન્ડ રનના બનેલા બનાવમાં આખરે મોડીરાત્રે કરજણના ભાજપના ધારાસભ્યના પુત્ર સામે ગુનો નોંધાયો છે.

કરજણના મેથી ગામે ગઈરાત્રે પંચાયત ઘર પાસે નાગજીભાઈ પટેલ નામના સીનીયર સીટીઝન રોડ ક્રોસ કરતા હતા ત્યારે પૂરઝડપે ધસી આવેલી કારે તેમને અડફેટમાં લેતા તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં કરજણના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્રની સંડોવણી હોવાથી ચકચાર વ્યાપી હતી. પરંતુ પોલીસને પૂછતા આવો કોઈ બનાવો પોલીસ સુધી આવ્યો નથી તેવા જવાબ આપવામાં આવતા હતા. આખરે મૃતકના વડોદરાના ભાયલી ખાતે રહેતા ભાણેજ મનિષ પટેલે મોડી રાત્રે કરજણ પોલીસ સ્ટેશનમાં જઈ ફરિયાદ નોંધવાનો આગ્રહ રાખતા પોલીસે મરનારના ભત્રીજા જીગ્નેશ પટેલની ફરિયાદ નોંધી હતી.

ફરિયાદમાં જિજ્ઞેશ પટેલે પોલીસને કહ્યું હતું કે, મારા કાકાનો અકસ્માત થયો ત્યારે બાજુમાં સિલ્વર કલર કમ્પાસ કાર પડી હતી. જે કાર અક્ષય પટેલનો પુત્ર ઋષિ ચલાવતો હોવાનું તેમજ બાજુમાં એક યુવક પણ બેઠો હોવાનું મને જાણવા મળ્યું હતું.

## ડીસામાં ઓક્સિજનના અભાવે ત્રણના મોતનો ગંભીર આક્ષેપ

### વેપારી અને તાલુકા મથકમાં ભયાવહ સ્થિતિ

રાજ્યમાં જેમ જેમ કોરોના વકરી રહ્યો છે તેમ તેમ સ્થિતિ વધુને વધુ ગંભીર બની રહી છે. અને હાલ રાજ્યનું આરોગ્ય તંત્ર કોરોના સામે ઘુંટણિયે પડી રહ્યું છે. એકબાજુ લોકોને હોસ્પિટલમાં બેડ મળી રહ્યા નથી. અને જે લોકો હોસ્પિટલમાં દાખલ છે તેઓને ઓક્સિજન મળી રહ્યો નથી. આમ બંને બાજુ મોતની લટકતી તલવાર છે. તેવામાં બનાસકાંઠામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ડીસાની એક હોસ્પિટલમાં ઓક્સિજનનાં અભાવે ત્રણ દર્દીઓનાં મોતનો ગંભીર આરોપ લગાવવામાં આવી રહ્યો છે.

કોરોનાની બીજી લહેરનો વાઈરસ ન ફક્ત શહેરોમાં પણ ગ્રામ્ય વિસ્તારોમાં પણ કાળો કહેર વર્તાવી રહ્યો છે. તેવામાં ડીસામાં પણ કોરોનાને કારણે સ્થિતિ ગંભીર છે. ત્યારે ડીસામાં આવેલી હેત ICUમાં ઓક્સિજન ન મળવાને કારણે ૩ દર્દીઓનાં મોત નિપજ્યા હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવી રહ્યો છે. ગત રોજ પણ આ હોસ્પિટલમાં પાંચ દર્દીઓનાં મોત નિપજ્યા હતા. હાલ સમગ્ર રાજ્યની હોસ્પિટલોમાં ઓક્સિજનની બૂમરાણ મચેલી છે. ખાનગી હોસ્પિટલોમાં ઓક્સિજનની અછત સર્જાઈ રહી છે. જેને કારણે અનેક દર્દીઓનાં મોત નિપજી રહ્યા છે. ગુજરાતની રૂપાણી સરકારે ઓક્સિજન ઉત્પાદકોને તમામ ઓક્સિજન કોરોનાની સારવાર માટે આપવાનો આદેશ કર્યો છે. પણ જે રીતે કોરોના વકરી રહ્યો છે અને ઓક્સિજનની એકદમ વધારે ડિમાન્ડ ઉભી થઈ છે ત્યારે તેની સામે સપ્લાય ઓછી છે. જેને કારણે હોસ્પિટલોમાં ઓક્સિજનની અછત સર્જાઈ રહી છે. અને તેને કારણે રાજ્યમાં અનેક દર્દીઓ મોતને ભેટી રહ્યા છે.

### ભીલડી કોવિડ-૧૯ હોસ્પિટલ કે કોરેન્ટાઇન હોમ ???

## વેન્ટિલેટર તો દૂર ઓક્સિજન અને ઈન્જેક્શનનો પણ અભાવ

ડીસા તાલુકાના વેપારી મથક ભીલડીમાંપણ મોટા ઉપાડે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ૨૦ બેડની હોસ્પિટલ ખોલવામાં આવી છે. સ્થાનિક લોકોને ઘર આંગણે કોરોનાની સુવિધા વિના મૂલ્યે મળી રહેશે તેવી આશા બંધાઈ હતી. હોસ્પિટલમાં એકમાત્ર લોખંડના પલંગ સિવાય કોઈ સુવિધા જ નથી. એક બાજુ કોરોનાનુ સંક્રમણ ગામડાઓમાં પણ ભયાવહ હદે વધી રહ્યું છે. જેમા ભીલડી પંથકમાં કોરોનાના કેશ રોકેટ ગતિએ વધી રહ્યા છે. બીજી બાજુ, ડીસા સિવિલ પાલનપુર મેડિકલ કોલેજ કોરોનાના દર્દીઓથી ઉભરાઈ ગઈ છે.